સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade A by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪


નં જોડાણ/રા/ ૨૬ /૨૦૧૮ તા. ૩ -૦૪-૨૦૧૮

**વિષય :- સ્થાનિક તપાસ સમિતિની વિગતો, જાણ, રીપોર્ટીંગ વગેરે સોફ્ટવેર દ્વારા થવા બાબત.**

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિન્ડીકેટ/માન.કુલપતિશ્રી દ્વારા નિયુક્ત થનાર/થયેલ સ્થાનિક તપાસ સમિતિના તમામ સભ્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જોડાણ વિભાગનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કાર્યવાહી ચાલુ છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જોડાણની સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ, જાણકારી, રીપોર્ટીંગ વગેરે કામગીરી ઓનલાઈન કરવાની થાય છે જે મુજબ અનુસરવાની થતી કાર્યવાહીની ગાઈડલાઈન નીચે મુજબ છે.

૧. સ્થાનિક તપાસ સમિતિમાં સભ્ય તરીકે જેની નિમણુંક કરવામાં આવેલ હશે તે સભ્યશ્રીને નિમણુંક અંગેની જાણ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર ટેક્ષ્ટ મેસેજ, ઈમેઈલથી કરવામાં આવશે અને સમાન રીતે તે જાણ સંબંધિત કોલેજને પણ કરવામાં આવશે.

૨. સભ્યશ્રીને ટેક્ષ્ટ મેસેજમાં યુઝર આઈ.ડી., પાસવર્ડ મોકલવામાં આવશે જેનો યુઝ કરી સભ્યશ્રી એલ.આઈ.સી. ની વિગતો ઓપન કરી શકશે તેમજ ફીલઅપ કરી શકશે.

૩. સભ્યશ્રીએ અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ www.saurashtrauniversity.edu માં College bar ઓપન કરી તેમાં Affiliation Corner માં લોગીન થવાનું રહેશે.

૪. સભ્યશ્રીને ટેક્ષ્ટ મેસેજ દ્વારા મોકલવામાં આવેલ યુઝર આઈ.ડી. નો યુઝ કરી લોગીન થયા બાદ સર્વ પ્રથમ સભ્યશ્રીને મોકલવામાં આવેલ પાસવર્ડ ચેન્જ કરવાનો રહેશે અને સ્કેન સિગ્નેચર અપલોડ કરવાની રહેશે.

૫. જો કોલેજ દ્વારા એલ.આઈ.સી. અંગેની વિગતો અપલોડ થયેલ નહી હોય તો સભ્યશ્રીને વેઇટિંગ ફોર એલ.આઈ.સી. બાર દેખાશે.

૬. કોલેજ દ્વારા સંપૂર્ણ વિગતો અપલોડ થયા બાદ સભ્યશ્રીને ઈમેઈલથી જાણ થશે અને તેની નકલ view Form link પર click કરી જોઈ શકાશે. તેમજ પ્રિન્ટ મેળવી શકાશે.

૭. સભ્યશ્રીને જાણ થયા બાદ સોફ્ટવેરમાં પોતાને મોકલવામાં આવેલ યુઝર આઈ.ડી. થી લોગીન થઇ સબમીટેડ એલ.આઈ.સી. વિગતો ઓપન કરી અને તેનો સંપૂર્ણ અભ્યાસ કરી, રીપોર્ટમાં ભલામણની વિગતો ફીલઅપ કરવાની રહેશે.

૮. સભ્યશ્રીના ટી.એ.ડી.એ. ની વિગતો પણ રીપોર્ટની સાથેજ ફીલઅપ કરીને લોક કરવાની રહેશે. ટી.એ.ડી.એ. બીલનું પેમેન્ટ સભ્યશ્રીના ખાતામાં ઓનલાઈન જમા કરાવવામાં આવશે.

૯. સભ્યશ્રી દ્વારા ભલામણ અંગેની વિગતો શ્રુતિ ફોન્ટમાં ફીલઅપ કરવામાં આવે તો તે વહીવટી દ્રષ્ટિએ યોગ્ય રહેશે.

કુલસચિવ

પ્રતિ,

૧. સિન્ડીકેટના સર્વે સભ્યશ્રીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૩. સેનેટના સર્વે સભ્યશ્રીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના સર્વે આચાર્યશ્રીઓ
૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ભવનોના સર્વે શૈક્ષણિક સ્ટાફ
૫. યુનિવર્સિટી એન્જીનીયરશ્રી

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ..............

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)
૨. ઓડીટ વિભાગ
૩. હિસાબ વિભાગ

K pariptr 18 7